અતારાંકિત-૨૯

(3)

રાજ્યમાં સિંહ સંરક્ષણ માટે સહાય

★ 15/4/1102 શ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૮-૦૨-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજુ થયેલ • પ્રશ્ન ક્રમાંક: ૪૧૪ (અગ્રતા-૩૮)ના અનુસંધાને માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સિંહના સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે જુલાઇ-૨૦૨૨ના ૧૨ બાબતો માટે નાણાકીય સહાય માંગવામાં આવેલી હતી તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી ક્યારે કેટલી રકમની સહાય મળી, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી જાન્યુઆરી-૨૦૨૩માં રૂ. ૨૦૦.૦૧ લાખની સહાય મળી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ સહાય પૈકી ક્યા હેતુ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ સહાય પૈકી નીચેના હેતુ માટે રૂ.૮૪.૭૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. |

| ક્રમ | હેતુ | ખર્ચ(રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | આવાસ અને વસ્તી વ્યવસ્થાપન | ૫૭.૧૯૨ |
| ૨ | સિંહ આરોગ્ય વ્યવસ્થાપન | ૦.૨૯૪ |
| ૩ | સર્વેલેન્સ અને મોનીટરીંગ | ૧૪.૬૧૬ |
| ૪ | સિંહોના સંભવિત રહેઠાણ અને સિંહ સ્થળાંતર વિસ્તારોનો વિકાસ | ૨.૫૫ |
| ૫ | માહિતી, શિક્ષણ અને સંચાર | ૫.૫૫૬ |
| ૬ | સંશોધન અને શિક્ષણ | ૪.૪૯૪ |
| | કુલ: | ૮૪.૭૦૨ |

ક્રમાંક:વસપ/૧૦૨૦૨૪/તા.પ્ર.-૦૭/ડબલ્યુ
વન અને પર્યાવરણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.:-30/૧/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા,
સચિવાલય, ગાંધીનગર.

## અગ્રતાક્રમાંક.૧૮

શ્રી ભગાભાઈ બારડ (તાલાળા)

**પ્રશ્ન–** **પ્રોજેક્ટ લાયનની કલ્પના કોના દ્વારા કરવામાં આવી આ પ્રોજેક્ટનો હેતુ શું છે?**

**જવાબ:** માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા સિંહોના લાંબા ગાળાનાં સંરક્ષણ માટે કામ કરવાના સરકારશ્રીના સંકલ્પ પ્રતિબદ્ધતાને શેર કરી દેશમાં એશિયાટીક સિંહોના ભવિષ્યને સુરક્ષિત કરવા પ્રોજેક્ટ લાયનની કલ્પના કરવામાં આવી. પ્રોજેક્ટ લાયનનો હેતુ નીચે મુજબનો છે.

- સિંહોનીવધતી સંખ્યા માટે સુરક્ષિત રહેઠાણનાં વ્યવસ્થાપન
- સ્થાનિક લોકોની આજીવિકા નિર્માણ અને તેમની સહભાગીદારીને નિશ્ચિત કરવી
- બિગકેટ ડીસીસ ડાયગ્નોસ્ટીક્સ અને સારવાર વિષયક જ્ઞાનનું વૌષ્વિક હબ બનાવવું
- પ્રોજેક્ટ લાયન મારફત જૈવિક સંરક્ષણ

# અગ્રતાક્રમાંક.૧૮

શ્રી જનકભાઈ તળાવીયા (બોટાદ)

**પ્રશ્ન –** **સિંહ સંરક્ષણ માટે લેવામાં આવેલ પગલા ?**

**જવાબ**

- સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓને બિમારી અકસ્માત વખતે તાત્કાલિક સારવાર માટે વેટરનરી ઓફિસરની નિમણૂંક કરવામાં આવેલ છે.
- વન વિભાગ દ્વારા સિંહોના અવર–જવર વાળા વિસ્તારમાં તકેદારી રાખવા માટે વન્ય પ્રાણી મિત્રોની નિમણુંક કરવામાં આવેલ છે.
- વન્યપ્રાણીઓના રેસ્ક્યુ માટે રેપિડ એક્શન ટીમ તથા રેસ્ક્યુ ટીમની રચના કરવામાં આવેલ છે.
- જુદા જુદા સ્થળોએ વન્યપ્રાણી સારવાર કેંદ્રોની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- અભ્યારણ્ય વિસ્તારમાંથી પસાર થતા જાહેર માર્ગો પર સ્પીડ બ્રેકરો મુકવામાં આવેલ છે.
- લોકજાગૃતિના ભાગરૂપે વન્યપ્રાણી સંરક્ષણમાં સહકાર આપવા માટે જાહેર માર્ગો પર સાઇન બોર્ડ મુકવામાં આવેલા છે.
- સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યાના કેસમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ હેઠળ ગુનેગારોની સામે નામ.કોર્ટમાં કેસ કરવામાં આવે છે.
- સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યા અટકાવવા ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત ફેરણા અને નાઇટ પેટ્રોલિંગ કરવામાં આવે છે તથા સ્ટાફને વાહન, હથિયાર, વોકીટોકી વગેરે ફાળવવામાં આવેલ છે.
- સમયાંતરે પોલિસ વિભાગ, વન વિભાગ અને પી.જી.વી.સી.એલ. વિભાગ દ્વારા સંયુક્ત પેટ્રોલિંગ પણ કરવામાં આવે છે.
- ગીર બોર્ડર અને તેના આસપાસના રેવન્યુ વિસ્તારોમાં અસુરક્ષિત ખુલ્લા કુવાઓને પેરાપેટ વોલ બાંધી સુરક્ષિત કરવાની કામગીરી વન વિભાગ દ્વારા હાથ ધરાયેલ છે.

- અદ્યતન લાયન એમ્બ્યુલન્સ વસાવવામાં આવેલ છે. સક્કરબાગ તથા બરડામાં સાતવિરડા ખાતે કૉરેન્ટાઇન ઝોન બનાવવામાં આવેલ છે.
- સિંહોને રેડિયો કોલરીંગ કરવામાં આવેલ છે.
- સાસણ ખાતે હાઇટેક મોનીટરીંગ યુનિટની સ્થાપના કરવામાં આવેલ છે.
- લોકજાગૃતિના કામો કરવામાં આવે છે.
- રાજુલા–પીપાવાવ રેલ્વે ટ્રેકની આજુબાજુ ચેઇનલીંક કરવામાં આવેલ છે.
- ટ્રેકર્સની નિમણુંક કરવામાં આવેલ છે.
- સ્ટાફને તાલિમ આપવામાં આવે છે.

## **અગ્રતાક્રમાંક.૧૮**

શ્રી જે. વી. કાકડીયા (ધારી)

**પ્રશ્ન– માનવ–વન્યપ્રાણી ઘર્ષણના બનાવો નિવારવા સરકારશ્રી દ્વારા મંચાણ (મેડા) બનાવવાની તેમજ ખુલ્લા કુવામાં અકસ્માતે સિંહ, દિપડા પડી જતા અટકાવવા કુવા ફરતે પેરાપીટ બાંધવાની કામગીરી માટે કેટલી સહાય ચુકવવામાં આવે છે ?**

**જવાબ:** માનવ–વન્યપ્રાણી ઘર્ષણના બનાવો નિવારવા સરકારશ્રી દ્વારા મંચાણ (મેડા) બનાવવાની યોજના હેઠળ મંચાણનો ખર્ચ રૂ.૧૭,૩૦૦/–ના ૨૫% રકમ લાભાર્થી ફાળાની જોગવાઈ રાખવામાં આવે છે. જે જમીન માલિકી લાભાર્થીએ (ખેડુતે) ભોગવવાની રહેશે અને ૭૫% રકમની સબસીડી મળવાપાત્ર થાય છે.

તેમજ બૃહદગીર વિસ્તારમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૩૬૩૯ મંચાણ (મેડા) બનાવવામાં આવ્યા.

સિંહોનાં સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા ખુલ્લા કુવામાં અકસ્માતે સિંહ, દિપડા પડી જતા અટકાવવા માટે કુવા ફરતે પેરાપીટ બાંધવાની કામગીરી માટે વન અને પર્યાવરણ વિભાગના તા.૦૧/૦૩/૨૦૧૯નાં ઠરાવથી લાભાર્થીઓને કુવાદીઠ યુનિટ કોસ્ટ રૂ.૧૬૦૦૦/–નાં ૯૦% અથવા ખરેખર ખર્ચના ૯૦%, એ બે માંથી જે ઓછી રકમ હોય તે મળવાપાત્ર થશે.

તેમજ બૃહદગીર વિસ્તારમાં અત્યાર સુધીમાં ૫૦,૨૦૭ કુવાઓને પેરાપીટ વોલથી સુરક્ષિત કરવામાં આવ્યા.

પુરક નોંધ

# વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૧૦૨ની પુરકનોંધ

- એશિયાટીક સિંહો ફક્ત ગીર અને બૃહદગીર વિસ્તારમાં જ જોવા મળે છે. સૌરાષ્ટ્રનું ગૌરવ અને ગુજરાતની શાન સમા એશીયાટીક સિંહ, ભારતની મુખ્ય પ્રજાતિ માનવામાં આવે છે. સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકરશ્રી દ્વારા ફંડ ફાળવવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં એશિયાટીક સિંહોની વસ્તી ૨૦૧૫માં ૫૨૩ થી વધીને ૨૦૨૦માં ૬૭૪ નોંધાયેલ છે જે લગભગ ૨૯% જેટલો વધારો થયો છે.
- ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેંદ્રભાઇ મોદીએ ઑગષ્ટ ૨૦૨૦માં ૭૪ મા સ્વત્રંત્રતા દિવસ પર લાલ કિલ્લા પરથી તેમના ભાષણમાં લાંબા ગાળાના સંરક્ષણ માટે કામ કરવાના સરકારના સંકલ્પ અને પ્રતિબધ્ધતાને શેર કરી, દેશમાં એશિયાટીક સિંહોના ભવિષ્યને સુરક્ષિત કરવા પ્રોજેક્ટ લાયનની જાહેરાત કરી હતી.
- પ્રોજેક્ટ લાયન અંતર્ગત જુલાઈ ૨૦૨૨માં રૂ.૧૪૧૩.૦૦ લાખનો એ.પી.ઓ ભારત સરકારશ્રીમાં નીચે મુજબ ની બાબતો માટે કેંદ્ર સરકાર પાસેથી સહાય માંગવામાં આવેલ છે. જે અંતર્ગત કેંદ્ર સરકારશ્રી દ્વારા જાન્યુઆરી ૨૦૨૩માં રૂ. ૩૩૩.૩૫ લાખ (કેંદ્ર સરકારનો ફાળો રૂ ૨૦૦.૦૧ લાખ તથા રાજ્ય સરકારનો ફાળો ૧૩૩.૩૪ લાખ) રીલીઝ કરવામાં આવેલ. જે અંતર્ગત રૂ. ૧૪૧.૧૭ લાખનો ((કેંદ્ર સરકારનો હિસ્સો રૂ. ૮૪.૭૦૨ લાખ તથા રાજ્ય સરકારનો હિસ્સો રૂ. ૫૬.૪૬૮ લાખ) ખર્ચ થયેલ છે. જે હાલ પ્રગતિમાં છે.

૧. માનવ વન્યજીવ સંઘર્ષ વ્યવસ્થાપન.
૨. આવાસ અને વસ્તી વ્યવસ્થાપન.
૩. સિંહ આરોગ્ય વ્યવસ્થાપન.
૪. સર્વેલેન્સ અને મોનીટરીંગ.
૫. આરોગ્ય વ્યવસ્થાપનમાં પ્રગતિ.
૬. સિંહોના સંભવિત રહેઠાણ અને સિંહ સ્થળાંતર વિસ્તારોનો વિકાસ.
૭. સિંહ મિત્રની યોજના.
૮. માહિતી, શિક્ષણ અને સંચાર.
૯. સંશોધન અને શિક્ષણ.
૧૦. મોનીટરીંગ અને મુલ્યાંકન.
૧૧. ગીર અને બરડાના માલધારીઓનું પુનર્વસન.
૧૨. ભાવિ આરોગ્ય/રોગચાળા સંબંધિત આકસ્મીત માટેની તૈયારી.

- સને ૨૦૨૩-૨૪ માટે તા.૧૬/૦૫/૨૦૨૩ના રોજ કુલ રૂ. ૮૦૦૦.૦૦ લાખ ( કેંદ્ર સરકારનો હિસ્સો રૂ. ૪૮૦૦ લાખ તથા રાજ્ય સરકારનો હિસ્સો રૂ. ૩૨૦૦ લાખ)નો એ.પી.ઓ તૈયાર કરી કેંદ્ર સરકારને સાદર કરવામાં આવેલ છે.
- હાલમાં લાયન વિઝન ૨૦૪૭ હેઠળ પ્રોજેક્ટ લાયન૧૦ વર્ષ માટે તૈયાર કરવામાં આવેલ છે જે લાંબા ગાળાના સંરક્ષણની ખાતરી આપે છે અને સહઅસ્તિત્વના સામાજીક માળખાને જાળવી અને મજબુત બનાવે છે અને લાંબા ગાળાના સૌરાષ્ટ્રના સતત આર્થિક વિકાસને ટેકો આપે છે.